સીરીઝ ૫. કાર્યાલય ક્રમાંક ૨.

પોરબંદર જૈન સત્સંગ મંડળ—મણકો ૨

શ્રી તત્વબોધ સંગ્રહ.

પ્રકાશક;
પોરબંદર જૈન સત્સંગ મંડળ તરફથી
વેલાભાઈ પ્રાણલાલ શાહ.

.. મેનેજર:-શ્રી જૈન સસ્તુ સાહિત્ય પ્રચારક કાર્યાલય-કલોલ.

પ્રત ૧૦૦૦ મૂલ્ય સદ્વર્તન. આવૃત્તિ ૧ લી
સં. ૧૯૮૪ સન ૧૯૨૮

૧ સમ્યગ્જ્ઞાન—જીવ આદિ તત્વોનું સ્વરૂપ જેવું છે તેવું જાણવું.

૨ સમ્યગ્દર્શન—પ્રભુએ ફરમાવેલ સિદ્ધાંતો ઉપર રૂચી, શ્રદ્ધા થવી.

૩ સમ્યગ્ચારિત્ર—(૧) સંસારકારણભુત હિંસક ક્રિયાઓનો ત્યાગ અને (૨) મોક્ષના કારણભુત સામાયિક આદિ ક્રિયાઓનું પાલન.

૪ સમ્યગ્તપ—જે તપ કરવાથી પૂર્વ સંચિત કર્મોનો ક્ષય થાય. તેના બે પ્રકાર. ૧ બાહ્ય ૨ આભ્યંતર બાહ્ય તપના છ પ્રકાર:—અનસન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ રસત્યાગ, કાયકલેશ, ઇંદ્રીયોપર કાબુ. આભ્યંતર તપના છ પ્રકાર:—પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય, ધ્યાન કાઉસર્ગ.

દાન, શિયળ, તપ અને ભાવના આ ચાર સાધનો મોક્ષને નજદિક લાવે છે—જન્મ મરણનો ભય મૂકાવે છે.

અમદાવાદ—ધી ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટીંગ પ્રેસમાં,
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

તત્વબોધ વિભાગ.

---

૧. મનુષ્યભવની દૂર્લભતા.

વીર પ્રભુએ સ્વમુખે ફરમાવેલ છે કે, ચાર ગતિમાં મનુષ્યભવ અત્યંત કીંમતી છે. તેનું મૂળ કારણ એ છે કે, કોઇપણ વસ્તુ બદલો આપીને લેવાથી તેની કંઇક કીંમત અંકાય છે. જેમ વિશેષ બદલો આપવો પડે તેમ વસ્તુની કીંમત પણ વધુ અંકાય અને તેનું મહત્ત્વ પણ વધી પડે. તદ્દવત્ મનુષ્યભવ અનેક પ્રકારના દુઃખો ભોગવવારૂપ બદલો આપ્યા પછી મળે છે અને પુનઃ પુનઃ મળવો અત્યંત કઠીન હોઇ, આખું જગત્ મનુષ્યભવને અત્યંત કીંમતી માને છે. દરેક શાસ્ત્રમાં પણ સ્થળે સ્થળે જણાવવામાં આવ્યું છે કે, 'જગત્માં તમે મનુષ્યાવતારમાં ઉત્પન્ન થયા છો તો બની શકે તેટલું પુરૂષાતન ફોરવો અને લેવાય તેટલો લાભ લ્યો.'

એક મનુષ્યભવ પાછળ અસંખ્યાતા નારકીના ભવ, એકેક નારકીના ભવ પાછળ અસંખ્યાતા દેવતાના ભવ,

(તિર્યંચમાં પરવશપણે યાતના ભોગવતાં ઘણીવાર હલકા દેવ થવાથી), અને એકેક દેવ ભવ પાછળ અનંતા તિર્યંચના ભવ કરવા પડે છે. પશ્ચાત્ ઘણાં લાંબા સમયે અથડાતાં, કૂટાતાં મનુષ્યભવ પ્રાપ્ત થાય છે. આવો અમૂલ્ય મનુષ્યભવ જો ખાવાપીવામાં, ઇંદ્રિયોના વિષય સુખમાં અને પ્રમાદમાં જશે તો પશ્ચાતાપનો પાર રહેશે નહિ માટે ઉત્તમ ભાવનાઓ હંમેશાં ચિંત્વન કરી, સદ્ગુણો પ્રગટ કરી સુપુરૂષાર્થદ્વારા આત્મકલ્યાણ કરવું જોઇએ.

---

૨. સમયની કીંમત.

દુનીયાની કોઇપણ ચીજ કીંમતી હોય તો તે સમય 'Time' છે. ઇંગ્રેજીમાં પણ કહેવત છે કે, 'Time is Value'—સમય કીંમતી છે. સમયની કીંમત કોઇ આપવા ધારે તો આપી શકેજ નહિં. મૃત્યુ સમયે માત્ર એક પળ અમુક ઇચ્છકને, અબજો રૂપીઆ આપવા છતાં મળતી નથી. આવો કીંમતી સમય આ-

પણે માત્ર પ્રમાદમાં, બકવાદમાં અને દારિદ્રયતામાં ગુમાવી રહ્યા છીએ. હિંદુસ્તાનની આર્થિક અધોગતિનું એક કારણ 'સમયની કીંમત આંકતા નથી' એ પણ છે.

આંખ મીંચીને ઉઘાડવામાં અસંખ્યાતા સમય વહી જાય છે. તેમાંનો એક પણ સમય, હે ગૌતમ ! તું વ્યર્થ ગુમાવીશ નહિ, તેવું ફરમાન શ્રી મહાવીર પ્રભુનું પોતાના પ્રિયતમ શિષ્ય ગૌતમ પ્રત્યે છે. માટે હે આત્મા ! અગર જો તું મહાવીર દેવનો ન્હાનો પ્રિયતમ અનુયાયી બનવા માગતો હોય તો ગૌતમ જેવો બન. મીનીટોની ગણત્રીનું ત્હારૂં આયુષ્ય, ચોતરફથી લુંટાવાનો તેમજ દુઃખનો અને મરણનો ભય, માત્ર ભયભ્રાંતજ દશા, આવા દાવાનળમાં રહ્યા છતાં તું ત્હારી કઈ શક્તિ ઉપર મુસ્તાકી રાખી બેસી રહ્યો છે ? પ્રભુના શાસનમાં જ્યાં એક સમયની કીંમત અંકાયેલી છે ત્યાં તું મીનીટો અને કલાકો નિંદ્રામાં, વિકથામાં, પ્રમાદમાં ગુમાવવાની હામત કેવી રીતે કરી શકે છે ? સેંકડો ભવે આ મનુષ્ય ભવરૂપી ટાણું

ત્હને સાંપડે એમ લાગે છે ? ત્હારૂં મીનીટોનું આયુષ્ય છતાં, ત્હારો પુરૂષાર્થ ત્હને કુંડામાંથી રત્ન અપાવશે, પરંતુ તેટલું વીર્ય ફોરવી કુંડામાંથી રત્ન લેઇ લેવાની ત્હારી મનોવૃત્તિ ક્યાં છે ? હે વીરપુત્ર ! ત્હારાં આત્માનો દિવાકર અત્યારે ઝગમગી રહ્યો છે. મોક્ષ મુકુટ ત્હારા મસ્તકે ધરવા 'સમય' તૈયાર છે, તો આવેલ સમયને વધાવી લે.

---

૩. કર્મ રહસ્ય.

કર્મનો બંધ અને નાશ ભાવના પ્રમાણે થાય છે. રાગદ્વેષ રહિત નિર્મળ ભાવના અનંત કર્મ નાશ કરે છે, જ્યારે રાગદ્વેષના વિચારો અનંત કર્મનો બંધ કરે છે. પ્રસન્નચંદ્ર રાજઋષિએ અશુભ ભાવનાથી સાતમી નરકમાં જવાય તેટલાં કર્મ બાંધ્યાં અને શુદ્ધ ભાવનાથી તે સર્વ કર્મ નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તંદુલ મચ્છ કે જેનું શરીર ચોખા જેવડું છે તે

અશુભ વિચારોથી અંતર્મુહૂર્ત્તના અલ્પ આયુષ્યમાં સાતમી નરકે જાય છે.

દુહો–મહા દુઃખનું બીજ છે, અશુભરૂપ પરિણામ;
જેના ઉદયે અનંત દુઃખ, ભોગે આત્મારામ. ॥ ૧ ॥

જેવું બી તેવું વૃક્ષ થાય છે. તેમ જેવા વિચારો તેવું ચારિત્ર થાય છે. માટે અશુભ વિચારો છોડી દઇ સદા શુભ વિચારોજ કરવા જોઈએ. વિચારોજ ચારિત્ર ઘડે છે. કહ્યું છે કે, દુહા.

શુદ્ધ ભાવથી તીર્થ છે, ઉત્તમ ને અદ્‌ભુત;
સ્નાન કરી એ તીર્થમાં, કાઢું મેલ અખુટ. ॥૧॥
અસંખ્ય મોટા તીર્થથી, મેલ જે નવ જાય;
શુદ્ધ ભાવના તીર્થથી, અંતર મેલ ધોવાય. ॥૨॥
પણ નીચી જો ભાવના, નીચું પદ પમાય;
લોઢાથી લોહજ બને, કંચન ક્યાંથી થાય? ॥૩॥
પરમાત્માની ભાવના, શુદ્ધ ભાવથી થાય;
પરમ પદને લાવતી, કારણ ભાવ જણાય. ॥૪॥

ભાવે ધર્મ આરાધીએ, ભાવે ધરીએ ધ્યાન;
ભાવે ભાવો ભાવના, ભાવે કેવળજ્ઞાન. ॥૫॥
જગમાં મોટી ભાવના, ભાવો હૃદય મોઝાર;
ભાવથકી ભવ નિધિ તરે, પાવે ભવનો પાર. ॥૬॥

મુખ્ય કર્મો આઠ, તેની પ્રકૃત્તિઓ નીચે મુજબઃ—

૧. જ્ઞાનાવરણિય કર્મ—આંખના પાટા સમાન છે. જ્ઞાન થવા ન દે.

૨. દર્શનાવરણિય કર્મ—રાજાના સીપાઈ સમાન છે. દેખવા ન દે.

૩. વેદનીય કર્મ—અફીણ તથા સાકરથી ખરડાએલ તરવારની ધાર સમાન છે. ચાટે તો ગળ્યું લાગે, પણ જીભ કપાય, પરિણામે મૃત્યુ થાય.

૪. મોહનીય કર્મ—દારૂ પીધેલ માણસ સમાન છે. સત્ય ધર્મની ખબર પડવા ન દે. પરિણામે આ સંસારમાં રખડાવનાર છે.

૫. આયુષ્ય કર્મ—કેદખાના સમાન છે. ચાર ગતિમાં રોકી રાખે.

૬. **નામ કર્મ**—ચીતારા સમાન છે. સારૂં ખોટું રૂપ કરે.

૭. **ગોત્ર કર્મ**—કુંભાર સમાન છે. નાનાં મોટાં વાસણ ઘડે.

૮. **અંતરાય કર્મ**—રાજાના ભંડારી સમાન છે. ધર્મધ્યાન કરવા ન દે.

---

૪. અંત સમયની ક્રિયા વિધિ.

સંલેહણાનો અર્થ સમાધી મરણ અગર પંડિત મરણ થાય છે. સંલેહણા વ્રત દરેક વ્રતથી પર છે અને તે વ્રતના ધારણહાર ભવ્ય જીવ એમ જાણે છે કે, સંસારમાં ગણાતાં સ્ત્રી, પુત્ર, પીતા, બ્હેન, બન્ધુ વિગેરે આપ્ત જન કોઇ કોઇનાં નથી. આત્મા તેથી ભિન્ન છે. પૂર્વે એકત્રિત કરેલાં સંયોગોથી આ ભવમાં આપ્ત જનનો શંભુ મેળો ભરાય છે, પરંતુ આત્મ-પ્રકૃત્તિ તેથી ભિન્ન છે.

દુહો—દરદ લગારે દેખીને, ચેતે ચતુર સુજાણ;
મૂરખ મન સમજે નહિ, પડતા સુધી પ્રાણ. ॥૧॥

જ્યારે અમુક ભયંકર વ્યાધિ શરીરને લાગુ થયાનું જણાય ત્યારે પ્રત્યેક સુજ્ઞ મનુષ્યોએ જાણીને, ઈરાદાપૂર્વક સંલેહણા વ્રત આદરવું યોગ્ય છે. શરીર અને આત્મા બન્ને વિભક્ત છે. બન્નેની પ્રકૃત્તિઓ પણ ભિન્ન છે. આત્મા ચૈતન્ય, અજર અને અમર છે. ત્યારે શરીર જડ અને નાશવંત છે; જેથી શરીર નાશનાં ચિન્હો જોઇ તુરત તેથી મુક્ત થવાનો અને પરમપદને મેળવવાનો 'સંલેહણા' વ્રતનો ઉપાય યોજવો જરૂરી છે. અંત સમયે સારા પ્રણામ સ્થિત થવાથી સુગતિના ઉત્તરાધિકારી થવાય છે.

જો કોઇપણ પ્રકારનો ઉપસર્ગ આવી પડયો જણાય તો તેવા પ્રસંગે; દુહો.

આહાર શરીર ને ઉપધી, પચ્ચખુ પાપ અઢાર;
મરણ હુવે તો વોસીરે, જીવું તો આગાર. ॥૧॥

એટલે કે આ ઉપસગમાં મ્હારૂં મૃત્યુ થાય તો

મ્હારે ચારે આહારનો સર્વથા ત્યાગ છે અને બચું તો છુટ છે, એમ ચિંતવવું જોઇએ.

માંદગી વધી પડે ત્યારે આત્મપ્રેમીએ સંસારપરથી મોહ ઉતારવો. ચક્રવર્તિ અને દેવ સુદ્ધાંની સાહ્યબી અનંતીવાર મળી છતાં આત્માની ગરજ ન સરી એમ વિચારી નીચેના નીયમોનું અવશ્ય પાલન કરવું:—

૧. પૂર્વે થઈ ગયેલ પાપોનું સ્મરણ કરી ત્રિકરણ ત્રિયોગે આલોયણા કરવી.

૨. યથાશક્તિ વ્રત પચ્ચખાણ કરવાં.

૩. સર્વ જીવાત્માઓ સાથે ક્ષમાપના કરવી.

૪. ભૂતકાળમાં વસાવેલાં પાપમય હથીયારો ઉપરથી માલીકીનો હક્ક છોડી દેવો.

૫. અઢાર પાપસ્થાનકમાં બને તેટલાં પાપનાં સ્થાનકો તજવાં.

૬. ચાર શરણાંને ગ્રહણ કરવાં, ને તે શરણાંનું પુનઃ પુનઃ સ્મરણ કરવું.

૫. શ્રી નવકાર મંત્ર અર્થ અને ભાવના સાથે.

(૧) **ણમો અરિહંતાણ**—શ્રી અરિહંતદેવને નમસ્કાર કરૂં છું. **ણમો**–કહેતાં નમસ્કાર કરૂં છું; **અરિ**–કહેતાં શત્રુ–ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન, મિથ્યાત્વ, વિષય, પ્રમાદ આદિ અંતરંગ શત્રુઓનો સર્વથા. **હંતાણં**–કહેતા નાશ કર્યો છે તેવા પ્રભુને વંદન કરૂં છું. હું પણ ક્રોધ, માન, માયા, લોભ રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન, મિથ્યાત્વ, વિષય, પ્રમાદ, આદિ અંતરંગ શત્રુઓનો નાશ કરીશ તે દિવસ ધન્ય થશે. જગતમાં મને દુઃખ આપનાર કોઈ નથી, માત્ર મારોજ આત્મા ક્રોધાદિ કરી પોતેજ પોતાને દુઃખ આપનાર શત્રુ થાય છે, અને ક્રોધાદિ દોષો છોડવાથી આત્મા પોતેજ પોતાને પરમ સુખ આપનાર મિત્ર બને છે. હું જ્યારે આ ભાવ શત્રુઓનો નાશ કરીશ ત્યારે બધા દુઃખોથી છુટી પરમ સુખને પામીશ. આ ક્રોધાદિ ભાવ શત્રુઓનો નાશ કરવાથી હું પણ અરિહંત થઇ શકીશ. માટે હવે મારે શીઘ્ર આ ક્રોધાદિ શત્રુઓનો નાશ કરવા પ્રયત્ન કરવો જોઇએ.

૨. ણમો સિદ્ધાણં—શ્રી સિદ્ધ ભગવાનને નમસ્કાર કરૂં છું. જેમણે આત્માનાં બધાં આવરણો દૂર કર્યા છે, બધાં કર્મ નાશ કર્યાં છે, અને અનંત ગુણો પ્રકટ કર્યા છે; એવા સિદ્ધ ભગવાનને નમસ્કાર કરૂં છું.

આત્માના ગુણો આઠ છે અને તે ગુણોને ઢાંકનાર આઠ કર્મ છે તે નાશ કરવાની ભાવના–

(૧) જ્ઞાનાવર્ણીય કર્મ નાશ થાઓ અને અનંત જ્ઞાન ગુણ પ્રગટ થાઓ.

(૨) દર્શનાવર્ણીય કર્મ નાશ થાઓ, અનંત દર્શન ગુણ પ્રગટ થાઓ.

(૩) મોહનીય કર્મ નાશ થાઓ. અનંત આત્મિક સુખ ક્ષાયિક સમકિત અને વીતરાગ ચારિત્ર ગુણ પ્રગટ થાઓ.

(૪) અંતરાય કર્મ નાશ થાઓ અને અનંત આત્મિક શક્તિ પ્રગટ થાઓ.

(૫) વેદનીય કર્મ નાશ થાઓ અને અનંત અવ્યાબાધ સુખ પ્રગટ થાઓ.

(૬) આયુષ્ય કર્મ દૂર થઇ અજર, અમર ગુણ પ્રગટ થાઓ.

(૭) નામ કર્મ દૂર થઇ અરૂપી અવસ્થા પ્રાપ્ત થાઓ.

(૮) ગોત્ર કર્મ નાશ થાઓ, અગુરૂ લઘુ ગુણ પ્રગટ થાઓ.

(૯) સર્વ કર્મ નાશ થાઓ, આત્માના અનંત ગુણો પ્રગટ થાઓ.

૩. **ણમો આયરિયાણં**—નમસ્કાર હોજો શ્રી આચાર્ય મહારાજને. જેઓ પાંચ આચાર પોતે પાળે છે, અન્યને પળાવે છે, તેવા આચાર્ય મહારાજશ્રીને વંદના નમસ્કાર કરૂં છું. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચારનું પાલન હું કરીશ તે દિવસ ધન્ય થશે.

૪. **ણમો ઉવજ્ઝાયાણં**—શ્રી ઉપાધ્યાયજી મ-

હારાજને વંદના નમસ્કાર કરૂં છું. હું પણ સૂત્ર સિદ્ધાંત ભણીશ ત્યારે ધન્ય થશે.

૫. ણમો લોએ સવ્વ સાહુણં—સર્વ સાધુ સાધ્વીને વંદન કરૂં છું. હિંસા, વિષય, કષાયનો ત્યાગ કરી અહિંસા, સંયમ, સમભાવ (અકષાય) સાધુના ગુણો મને પ્રાપ્ત હોજો.

પંચ પદના ગુણો મારા આત્મામાં પણ છે તે પ્રગટ થાઓ. હું તત્વનું જ્ઞાન હંમેશાં વધારી અજ્ઞાન અને મિથ્યાત્ત્વ (ખોટી સમજણ) છોડી સમ્યગ્ જ્ઞાન અને સમકિત ગુણ પ્રગટ કરીશ અને હિંસા, વિષય, ક્રોધાદિ છોડી આત્માનું હિત, કલ્યાણ અને શ્રેય થાય, તે માટે સંયમી બનીશ. સાધુ પદના ગુણો મેળવી વિશેષ જ્ઞાન, શક્તિ અને ધ્યાનદ્વારા ઉપાધ્યાય પદ મેળવીશ, અને અતિશય જ્ઞાને કરી તેવું શ્રેષ્ટ ચારિત્ર પાળી આચાર્ય થઇશ. અહીં ઉત્કૃષ્ટ જ્ઞાન અને સંયમ વડે રાગ દ્વેષ મોહનો સર્વથા નાશ કરી અરિહંત થઇશ અને અંત સમયે સકળ કર્મ રહિત સિદ્ધ

થઈશ. આ પાંચે પદના ગુણો મારા આત્મામાં જ છે તેને પ્રગટ કરવા હું ઇચ્છું છું અને પુરૂષાર્થથી આ પંચ પ્રભુની તુલ્ય થઈ શકું છું એવું સ્મરણ સદા રાખવા આ નવકાર મંત્રનું મને સદાં કાળ રટણ રહો, શ્વાસોશ્વાસની સાથે નિરંતર હું શ્રી નવકાર મંત્ર ગણી નવકાર રૂપ બની જાઉં એજ ભાવના.

રાગ-દ્વેષ મોહનો નાશ થાઓ અને વીતરાગ પદ પ્રગટ થાઓ. આ ભાવના નિરંતર અજપા જાપ રૂપ ભાવવાથી પંચ પરમેષ્ઠિના ગુણો પ્રગટ થાય છે. કેટલાએક લોકો રામ રામ જાપ કરે છે તેમ આ જાપ કરવો પરમ હિતકારી છે.

૬. નમસ્કારનું સ્વરૂપ અને ફળ.

દુહો–વાર વાર પ્રભુ વંદના, શુદ્ધ ભાવે કરાય;
કારણ સત્યે કાર્યની, સિદ્ધિ નિશ્ચય થાય. ॥૧॥

ભાવાર્થ—વારંવાર નિરંતર જે ભાવ વંદન કરે એટલે પ્રભુ તુલ્ય ગુણો પોતાના આત્મામાં પણ છે

તેવી ભાવના સાથે તેવા ગુણો પ્રગટ કરતો થકો વંદન કરે છે તે પોતે પ્રભુ બને છે, જેને નિમિત્ત કારણ-સત્ય છે અને ભાવ શુદ્ધ છે તેને અવશ્ય સિદ્ધિ થાય છે.

(૧) **દ્રવ્ય નમસ્કાર**—મનની એકાગ્રતા વિના જે વચનથી સ્તુતિ અને કાયાથી નમસ્કાર કરે છે, તેને વચન અને કાયાથી જે પાપ થતું હતું તે અટકે છે અને પુણ્યની પ્રાપ્તિ થાય છે.

(૨) **વ્યવહાર નમસ્કાર**—મન એકાગ્ર રાખી જે જ્ઞાન ચારિત્રાદિ ગુણોની સ્તુતિ અને નમસ્કાર કરે છે તેને બહુ નિર્મળ પુણ્યની પ્રાપ્તિ અને શુદ્ધ ઉપયોગ (રાગ દ્વેષ રહિત પરિણામ) તેટલી નિર્જરા (કર્મ નાશ) થાય છે.

(૩) **ભાવ નમસ્કાર**—પ્રભુના જેવા ગુણો મારા આત્મામાં પણ છે તે પ્રગટ કરવા પ્રભુએ ધારણ કરેલ જ્ઞાન, દર્શન ચારિત્ર તપ ધર્મ આદરૂં એવી દૃઢ ભાવના

કરનાર બહુ નિર્જરા (કર્મનાશ) અને અતિશય પુણ્ય પ્રાપ્તિ કરે છે.

(૪) **નિશ્ચય નમસ્કાર**—જે રાગદ્વેષ મોહ રહિત પોતે પ્રભુ તુલ્ય પોતાનું સ્વરૂપ વિચારી આત્મ ધ્યાનમાં વિચરે છે તે પ્રભુ બને છે, મોક્ષ પામે છે.

નમવું-નમસ્કાર કરવા એટલે જેને નમીએ છીએ, તેમના જેવા બનીએ છીએ માટે સદ્‌ગુણી અને પવિત્ર આત્માઓને સદા નમસ્કાર કરવા.

આત્માની વિશુદ્ધ દશાને પામેલા અરિહંત પ્રભુ તથા સિદ્ધ પ્રભુ અને આત્માની વિશુદ્ધ દશા પામવા જેમણે પ્રયાસ શરૂ કર્યો છે એવા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ; એ પંચ પદનું નામોચ્ચારણ સિદ્ધિદાયક, સ્વસ્વરૂપ કરાવતો મંત્ર તેજ નવકાર મંત્ર.

ટૂંક અક્ષરોમાં, ટૂંક ઉચ્ચારણમાં, થોડા પરીશ્રમે, થોડા સમયમાં, મૌનપણે કાર્ય સિદ્ધિ કરનાર અણુમોલ સાધન તેજ મંત્ર; ટૂંકામાં તારે તે મંત્ર; અતિ ઉંચ્ચ ધ્યેયને ફલીત કરવા શીઘ્ર ગતિ આપી શકે તેવી શક્તિ તે મંત્ર.

નવકાર મંત્રનો ઉચ્ચાર કરો તે વખતે તેમાંજ મગ્ન રહો. તમારા આત્મામાં ઓતપ્રોત થઈ જાઓ. તમારી નસે નસમાં આ ધ્વની જાગ્રત કરો. તમારી હૃદય ઘટિકામાં તેના ખટકારા થવા દો. તમારા રૂધીરના ટીપે ટીપામાં આ મંત્રનો મધુર રસ રેડો એટલે તમે પોતે સત્ય સ્વરૂપ થઈ રહેશો અને સર્વ પ્રકૃત્તિ તમારી સમક્ષ સેવિકા થઇ હાથ જોડી ઉભી રહેશે. એક વખત અનુભવથી ખાત્રી કરો.

૭. સમ્યકૃત્વ.

જૈનધર્મનો મૂળપાયો સમકીત ઉપર છે. અને તે ઉપર શાસ્ત્રોની ઇમારત ચણાઇ છે. જેમ એકડા વગરના મીંડાની સંખ્યા નકામી છે. તદ્‌વત સમકિત વિના સર્વ ક્રિયા અને ચારિત્ર શુષ્ક છે.

શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રના ૨૮ માં અધ્યયનમાં ફરમાવ્યું છે કે, અનાદિકાળથી આ જીવ જ્ઞાનાવરણિય આદિ આઠ કર્મના બંધનથી યુક્ત છે અને સમ્યગ્

જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યગ્ ચારિત્ર અને સમ્યગ્ તપનું સેવન કરવાથી એ બંધનથી મુક્ત થઈ શીઘ્ર શીવ-રમણીને વરે છે. તેજ અધ્યયનમાં પુનઃ ફરમાવે છે કે, જીવ–અજીવ આદિ તત્ત્વોનું જેવું સ્વરૂપ છે તેવું જાણવું તે સમ્યગ્ જ્ઞાન છે. જીવ–અજીવ આદિ તત્ત્વોની શ્રદ્ધા તે સમ્યગ દર્શન છે. સંસાર બંધનના કારણભૂત હીંસા વગેરે ક્રિયાઓનો ત્યાગ તથા મોક્ષના કારણભૂત સામાયિક આદિ ક્રિયાઓનું પાલન કરવું તે સમ્યગ્ ચારિત્ર છે અને જે ક્રિયાઓનું પાલન કરવાથી સંચિત કર્મોનો ક્ષય થાય તેવી ક્રિયાને સમ્યગ્ તપ કહે છે.

શુદ્ધ દેવ, શુદ્ધ ગુરૂ અને શુદ્ધ ધર્મની ઓળખાણ થવી તે સમ્યક્ત્વ છે.

૧. જેણે રાગ દ્વેષ જીત્યા છે અને અઢાર દોષ રહિત છે તેવા શ્રી અરીહંત ભગવાન તે શુદ્ધ દેવ.

૨. શ્રી વીતરાગ પ્રભુએ ફરમાવેલ આજ્ઞા પ્રમાણે વિચરનાર, પંચ મહાવ્રતના પાળનારા, શુદ્ધ આત્મબોધના દેનાર એવા આત્માર્થી સુસાધુ તે ગુરૂ.

૩. દુર્ગતિમાં પડતા બચાવનાર, દયા અને વિનયનો સ્તંભ એવો શ્રી વિશ્વ ધર્મ તે શુદ્ધ ધર્મ.

આવા અતિ ઉપયોગી સમ્યક્ત્વને પ્રગટ કરવા પહેલાં નીચેની ચાર ગુણોની ભાવના ભાવવી:—

મોક્ષનું બીજ સમકિત અને સમકિતનું મૂળ કારણ ચાર ભાવના છે માટે અવશ્ય હંમેશાં ચિંત્વન કરી તે ગુણો પ્રાપ્ત કરવા જોઈએ. આ ચાર ગુણો પ્રગટ થયા પછી સમકિત પ્રગટ થાય છે.

દુહો—ગુણીજનોકું વંદના, અવગુણ દેખ મધ્યસ્થ;
દુ:ખી દેખ કરૂણા કરે, મિત્ર ભાવ સમસ્ત. ॥૧॥

૧. **પ્રમોદ ભાવના**—એટલે સદા ગુણાનુરાગી થવું. બધાના ગુણ લેવા. બીજાના ગુણ દેખી ખુશી થવું અને વિચારવું જે આપણામાં એવા ગુણો પ્રગટ થાઓ.

૨. **માધ્યસ્થ ભાવના**—એટલે સમભાવ. બધાના દોષોને ભુલી જવા, બીજાના દોષ દેખી, ક્રોધ, દ્વેષ કરવો નહીં પરંતુ કર્મનું સ્વરૂપ વિચારી પોતાનો

આત્મા એવા દોષોથી બચે એવી ભાવના ભાવવી. સુખમાં રાજીપણું, દુઃખમાં બેરાજીપણું ન થાય-સદા રાગ દ્વેષ રહિતં સમભાવમાં રહું એવી શક્તિ પ્રગટ થાઓ.

દુહો—"દુર્જન ક્રુર કુમાર્ગરતોંપર, ક્ષોભ નહિં મુજને આવે; સામ્યભાવ સદા રહે તેપરં, એહવી પરીણુતી મુજ થાવે. ॥ ૧ ॥

૩ **કરૂણા ભાવના**—શારીરિક અને માનસિક દુઃખ કરવું તે દ્રવ્ય કરૂણા ભાવના છે અને અજ્ઞાન, કષાય (ક્રોધ માન માયા લોભ) મિથ્યાત્વ છોડાવવું તે ભાવ કરૂણા છે, જે દિવસે હું મારી અને બીજાના આત્માની ભાવ કરૂણા કરીશ તે દિવસે ધન્ય થશે, પાપોથી પોતે બચવું તથા બીજાઓને બચાવવા તે ભાવ કરૂણા છે તેમાં બહુ લાભ છે, અને તે સાચું સુખ આપે છે.

૪. **મૈત્રી ભાવના**—જગતમાં જીવ માત્રને પોતાના જીવ સરખા સમજીને કોઇ પણ જીવની હિંસા ન કરવી, બધાનું ભલું ચાહવું તે સ્વ-પર દ્રવ્ય મૈત્રી

ભાવના છે અને સ્વ (પોતાના) આત્માના સાચા મિત્ર બનીને પોતાનું અજ્ઞાન, મિથ્યાત્વ, કષાયને છોડીને સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્રનું આરાધન કરવું તે સ્વભાવ મૈત્રી ભાવના છે. મને આ ચારે ભાવનાના ગુણોની પ્રાપ્તિ થાઓ.

ચાર ભાવના.

[હરિગીત છંદ.]

સૌ પ્રાણી આ સંસારના, સન્મિત્ર મુજ વ્હાલા થજો,
સદ્ગુણુમાં આનંદ માનું, મિત્ર કે વેરી હજો;
દુઃખીઆ પ્રતિ કરૂણા અને દુશ્મન પ્રતિ મધ્યસ્થતા,
શુભ ભાવના પ્રભુ ચાર આ, પામો હૃદયમાં સ્થિરતા ॥૧॥

ભાવાર્થઃ—(૧) **મૈત્રી ભાવના**-સંસારના સર્વ જીવોને મારા અંતરના મિત્રો ગણી સર્વનું હીત ઇચ્છું છું અને તેઓના સર્વ દુઃખ નાશ થાઓ તેમ ચાહું છું.

(૨) **પ્રમોદ**—ગુણાનુરાગ ભાવના મારૂં ભલું કરનાર મિત્ર કે મને દુઃખ આપનાર શત્રુ બન્નેના ગુણો જોઉં છું. મિત્ર થનારે સદ્ગુણ પુષ્ટ કર્યો છે. શત્રુ

થનારે દોષથી બચવા અને સત્યમાં દ્રઢ રહેવા પ્રેરણા કરી છે.

(૩) **કરૂણા**—દુઃખીના દુઃખો દૂર કરવા સદા તત્પર રહું, સાચું દુઃખ, અજ્ઞાન, મિથ્યાત્વ અને કુ-ચારિત્ર ગણી તે પોતાનું તથા બીજાનું દૂર કરૂં.

(૪) **માધ્યસ્થ**—સમતા ભાવના–સર્વ જીવ અને સર્વ સંયોગો પ્રતિ સમભાવ રાખું.

આ ચાર ભાવના સદા પ્રગટ રહો એજ ઈચ્છું છું.

આપણા જીવે અનાદિ કાળ થયા સમકિત ભાવના ન ભાવવાથીજ અનંત જન્મમરણના દુઃખો ભોગવ્યાં છે. જેમ સૂર્ય ઉદય થતાં બધે સ્થળેથી અંધકાર નાશ પામે છે, તેમ સમકિત ગુણ પ્રગટ થતાં બધી જાતનાં દુઃખો અને દોષો નાશ પામે છે.

આ સમકિત ગુણ પ્રગટ થયા પછી મોક્ષની પ્રાપ્તિ નિશ્ચયે થાય છે. આવી કલ્યાણકારી ભાવનાઓ શાસ્ત્રકારોએ અને પૂર્વાચાર્યોએ ભાવદયાથી અનંત જન્મ મરણના દુઃખોથી બચાવવા ભવ્ય જીવો માટે ફરમાવી છે.

આત્માથી જુદી વસ્તુને પોતાની માનવારૂપ મિથ્યાત્વ નાશ થાઓ. અવિકારી, શુદ્ધ જ્ઞાન સ્વરૂપ આત્મા તેજ મારૂં સત્ય સ્વરૂપ એવી દૃઢ શ્રદ્ધારૂપ સમકિત ગુણ પ્રગટ થાઓ.

---

૮ તીર્થંકરગોત્ર ઉપાર્જન કરવાના જ્ઞાતા સૂત્રમાં ભગવંતે ફરમાવેલ ૨૦ બોલ.

૧. શ્રી અરિહંત ભગવાનના ગુણગ્રામ કરતો થકો જીવ જઘન્ય કર્મની ક્રોડો ખપાવે, ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકર ગોત્ર ઉપાર્જન કરે.

૨. શ્રી સિદ્ધ ભગવાનના ગુણગ્રામ કરે તો.

૩. દયા માતાની આઠ પ્રવચનની આરાધના કરે તો.

૪. ગુણવંત ગુરૂના ગુણગ્રામ કરે તો.

૫. સ્થીવર ભગવાનના ગુણગ્રામ કરે તો.

૬. બહુસૂત્રીના ગુણગ્રામ કરે તો.

૭. તપસ્વીના ગુણગ્રામ કરે તો.

૮. ભણ્યો ગણ્યો જ્ઞાન વારંવાર ચિંતવે તો.

૯. શુદ્ધ સમકિત આરાધે તો.
૧૦. સાત પ્રકારે તથા પંચાવન પ્રકારે વિનય ભકિત કરે તો.
૧૧. કાળોકાળ અવશ્ય પ્રતિક્રમણ કરે તો.
૧૨. લીધેલાં વ્રત પ્રત્યાખ્યાન નિર્મળ પાળે તો.
૧૩. ધર્મધ્યાન, શુકલધ્યાન નિર્મળ પાળે તો.
૧૪. બાર ભેદે તપશ્ચર્યા કરે તો.
૧૫. અભયદાન, સુપાત્ર દાન દે તો.
૧૬. દશ પ્રકારે વૈયાવચ્ચ કરે તો.
૧૭. અપૂર્વ શાસ્ત્ર ભણે તો.
૧૮. અપૂર્વ શાસ્ત્રની વિનયભકિત કરે તો.
૧૯. આગલી રાત્રી તથા પાછલી રાત્રી ધર્મ જાગરિકા કરે તો.
૨૦. ગામ નગર પુર પાટણ વિચરતો, સમકિત સ્થાપતો, મિથ્યાત્વ ઉડાડતો જૈન ધર્મને દીપાવે તો.

૯ વહેલા વહેલા મોક્ષ મેળવવાના ભગવંતે ફરમાવેલ ૨૩ બોલ.

૧. આકરી આકરી તપશ્ચર્યા કરે તો.

૨. મોક્ષની વાંછના કરે તો.

૩. શુદ્ધ મનથી શાસ્ત્ર શ્રવણ કરે તો.

૪. શુદ્ધ મનથી શાસ્ત્ર પઠન કરે તો.

૫. પાંચ ઇંદ્રિય દમન કરે તો.

૬. છ કાયની દયા પાળે તો.

૭. સાધુ સાધ્વીની સેવા કરે તો.

૮. આપ ભણે અને અન્યને ભણાવે તો.

૯. નવકોટિએ પ્રત્યાખ્યાન કરે તો.

૧૦. સ્વધર્મ ઉપર સાચો સ્નેહ રાખે તો.

૧૧. કષાય ન કરે તો.

૧૨. ક્ષમા કરે તો.

૧૩. લાગેલા પાપની આલોયણા કરે તો.

૧૪. લીધેલ વ્રત પ્રત્યાખ્યાન નિર્મળ પાળે તો.

૧૫. શુદ્ધ મનથી શિયળ પાળે તો.

૧૬. ચાર તીર્થ (સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા)ને શાતા ઉપજાવે તો.

૧૭. નિર્વદ્ય (પાપરહિત) ભાષા બોલે તો.

૧૮. લીધેલ વ્રત નિયમ ઠેઠ સુધી પાર પહોંચાડે તો.

૧૯. ધર્મધ્યાન, શુકલધ્યાન ધ્યાવે તો.

૨૦. પ્રતિમાસ છ છ પોષધ કરે તો.

૨૧. કાળોકાળ અવશ્ય પ્રતિક્રમણ કરે તો.

૨૨. આગલી રાત્રી તથા પાછલી રાત્રી ધર્મ જાગરિકા કરે તો.

૨૩. પંડિત મરણે મરે તો.

૧૦ શ્રાવકના ત્રણ મનોરથ.

૧ હે પ્રભુ! મારા જીવને ચાર ગતિ, ચોવીશ દંડકમાં પરિભ્રમણ કરાવનારો, નરકમાં લેઈ જવાવાળો છેદન ભેદન કરાવવાવાળો, જન્મમરણ કરાવનારો, દુઃખનો દાતાર, કર્મ બંધનનું ખાતુ, કુબુદ્ધિ પ્રેરક, સુબુદ્ધિથી વિમુખ કરાવનાર, જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ

લક્ષ્મીનો લુંટનાર, મોહનીય કર્મ બંધાવનાર, રાગદ્વેષનો વધારનાર, કામ, ક્રોધ, વિષયને પુષ્ટિ કરનાર, પ્રપંચ કરાવનાર, મોહ, મદને વધારનાર, ધર્મનો શત્રુ, દયા સંતોષ ને ક્ષમાને હાનિ કરનાર, મહા મિથ્યાત્વનો ભંડાર, અઢાર પાપસ્થાનકનો સેવન કરાવનાર, મ્હારા આત્મિક સુખનો નાશ કરાવનાર એવો દુષ્ટ આરંભ ને પરિગ્રહ હે પ્રભુ! તેનાથી હું ક્યારે મુક્ત થઇશ! જ્યારે તેવા આરંભ અને પરિગ્રહથી મુક્ત થઈશ ત્યારે મ્હને ધન્ય થશે. તે દિવસને, તે ઘડીને ધન્ય થશે! એવો અપૂર્વ સમય હું ક્યારે જોઇશ? ત્વરિત ગતિએ એવો શુભ અવસર મ્હને સાંપડે તેવી મ્હારી ભાવના છે.

૨ હે પ્રભુ! પંચ મહાવ્રત ધારણ કરી, મુનિના સત્તાવીશ ગુણ સહિત, છકાયનો પીયર, છકાયની રક્ષા કરવાવાળો, રાત્રિ ભોજનનો અને કંચન કામિનીનો ત્યાગી, મહા વૈરાગી, આત્માર્થી, જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી લક્ષ્મીને ક્યારે ધારણ કરીશ? સૂત્ર, સિદ્ધાં-

તનો જાણ, દયાવંત, ક્ષમાવંત, લજ્જાવંત, એવો **પરમ મુનિ** ક્યારે થઈશ ? જ્યારે તેવો **પરમ મુનિ** થઇશ ત્યારે મ્હારૂં જીવતર સાર્થક થશે. મ્હારા મનુજન્મની ઇતિશ્રી થશે. હે પ્રભુ ! મ્હારો આ બીજો મનોરથ સફળ હોજો !

૩ હે પ્રભુ ! ચારે આહારનાં પચ્ચખાણ કરી, અઢાર પાપસ્થાનકથી નિવર્તિ અરિહંત, સિદ્ધ, સાધુ, તથા કેવળી પ્રરૂપેલ ધર્મ એ ચાર શરણ સાથે દેવ અરિહંત, ગુરૂ નિર્ગ્રંથ અને કેવળી પ્રરૂપ્યા ધર્મની શ્રદ્ધા સાથે, શ્રી મહાવીર પ્રભુનું સ્મરણ કરતાં, પૌદ્‌ગલિક સર્વ વસ્તુને વોસરાવી જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ આત્મ વસ્તુ સાથે આત્મપ્રાણ બાંધી માત્ર મોક્ષની અભિલાષાએ સંથારો ક્યારે કરીશ? અને પંડિત મરણે ક્યારે મરીશ ? હે પ્રભુ ! ધન્ય તે પળને કે જે પળે મ્હને સંથારાનો સુભાગી અવસર પ્રાપ્ત થશે. હે પ્રભુ ! આ મ્હારો ત્રીજો મનોરથ સફળ હોજો !

૧૧ માર્ગાનુસારીનું સ્વરૂપ.

(માર્ગાનુસારીના ૩૫ બોલ.)

ભાગ ૧ લો.

(૧) પ્રશ્ન–માર્ગ એટલે શું ?

ઉત્તર–માર્ગ એટલે રસ્તો. જે ખરાબ સ્થાને લેઈ જાય તે કુમાર્ગ કહેવાય છે, અને જે સારે સ્થાને લેઈ જાય તે સુમાર્ગ કહેવાય છે. કુમાર્ગ દુઃખનું કારણ છે, અને સુમાર્ગ સુખનું કારણ છે. હિંસાદિ અઢાર પાપ તે કુમાર્ગ અને અઢાર પાપનો ત્યાગ તે સુમાર્ગ છે.

(૨) પ્રશ્ન–માર્ગાનુસારી એટલે શું ?

ઉત્તર–જે માર્ગને અનુસરે, જે માર્ગ ઉપર ચાલે તેને માર્ગાનુસારી કહે છે.

(૩) પ્રશ્ન–સુમાર્ગના કેટલા પ્રકાર છે ?

ઉત્તર–ગુણોની વૃદ્ધિ પ્રમાણે સુમાર્ગના અનેક પ્રકાર છે. તેની મુખ્ય ચાર અવસ્થા છે (૧) નીતિધર્મ (૨) સમકિત ધર્મ (૩) શ્રાવક ધર્મ અને (૪) સાધુ

ધર્મ—આ ચારમાં ઉંચુ પદ લેનારમાં નીચેના સદ્‌ગુણો અવશ્ય જોઇએ.

(૪) પ્રશ્ન—નીતિધર્મમાં દાખલ થવાના કેટલા ગુણ છે?

ઉત્તર—પાંત્રીશ છે. તેને પાંત્રીશ માર્ગાનુસારીના ગુણ કહે છે. તેથી નીતિમય જીવન બને છે અને તે સમકિત ગુણને પાત્ર થઈ શકે છે.

(૫) પ્રશ્ન—માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો કયા કયા છે?

ઉત્તર—(૧) **ન્યાયસંપન્ન ધન**—ન્યાયથી મેળવેલ દરેક વસ્તુ હોય. અન્યાયથી કંઈ પણ ન મેળવે. ધન એટલે દરેક આવશ્યક વસ્તુ સમજવી. મકાન, પૈસા, ખાવા પીવાના પદાર્થ, કપડાં, ઘરેણાં, યશોકીર્તિ, પશુ, દાસ દાસી વિગેરે (સચિત ધન એટલે સચિત વસ્તુ અને અચિત ધન એટલે અજીવ વસ્તુ)

(૧) અસત્ય વચન, કપટ, દગો, મર્યાદાથી વધારે નફો લેવો, હિંસક વ્યાપાર, દેશ તથા ધર્મને બાધક વ્યાપાર વિગેરે અન્યાય છે.

(૨) જરૂરીઆતથી વધારે રાખવું તે અન્યાય છે.

(૩) કોઈને પહેલાં અગર પછી નુકશાન કરી મેળવેલ ધન અન્યાય છે.

(૨) સાત કુવ્યસન ત્યાગ-(૧) જુગાર (૨) ચોરી (૩) પરસ્ત્રી (૪) વેશ્યા (૫) દારૂ (૬) માંસ (૭) શિકાર.

(૩) અભક્ષ્ય ત્યાગ-જેમાં ત્રસ જીવ પ્રાયઃ કરી ઉત્પન્ન થતા હોય અથવા જે ખાવાથી વિકાર ઉત્પન્ન થાય તેવા પદાર્થ અભક્ષ્ય છે.

(૪) સમાન ગુણવાળા સાથે સંબંધ કરે—

(૧) બાળવયમાં સુશીલ બાળકો સાથે રમત રમે.

(૨) યુવાન વયમાં સદાચારી ધર્મ પ્રેમી સાથે મૈત્રી કરે. લગ્ન સંબંધ કરે તો ગુણ, જ્ઞાન, સદાચાર ધર્મ, પ્રકૃતિ, આરોગ્ય અને કુળ વિગેરે સમાન અને ઉત્તમ જુએ.

(૩) વૃદ્ધાવસ્થામાં નિંદા, ગપ્પાં, વિગેરે મિત્ર-મંડળ છોડી ધર્મ વાંચન કરનારાની સેવામાંજ રહે.

(૪) બધી વયમાં ઉત્તમ ધર્મગુરૂ તથા ધર્મ વાંચન મનનથી સુસંગતિ રાખે.

(૫) **પાપ ભીરૂતા**–સદા પાપથી ડરે. ખરાબ કામ કદી કરે નહિ. એકાંતમાં પણ પોતાનો આત્મા તથા અનંત સિદ્ધ પરમાત્મા દેખે છે. જેવી રીતે ઝેર દેખીને ખાય કે દેખ્યા વિના ખાય પણ મરણ તો નીપજે તેવી રીતે પાપ ગુપ્ત કરો કે પ્રગટ પણ તેનાં ફળ તો અવશ્ય ભોગવવાં પડશે.

(૬) **દેશાનુસાર વર્તન**–દેશનું હિતકલ્યાણ થાય તેવું ધર્મયુક્ત વર્તન રાખે, આજ હિંદુસ્તાનમાં કરોડો મનુષ્યો અડધા ભુખ્યા સુવે છે તો એશઆરામ તથા ફજુલ ખર્ચ કરવાં તે નીતિ ધર્મના ભંગનું કારણ છે.

(૭) **પરનીંદા**–બીજાના સાચા દોષો તેની પીઠ પાછળ કહેવા તેને પરનિંદા કહે છે.

(૧) બીજાના દોષ બોલવાથી તે દોષ આપણામાં દાખલ થાય છે.

(૨) પરસ્પર દ્વેષ વધે છે.

(૩) મન અને વચનની એવી શક્તિ છે કે સામો ધણિ હજારો ગાઉ દૂર હોય છતાં વૈર ઉત્પન્ન કરે છે.

(૪) વગર પાપ કર્યે દુર્ગતિમાં જવાનો સહેલો ઉપાય પરનિંદા છે.

જે લોકો સારૂં વાંચન મનન નથી કરતા તેમને નવરા બેઠાં પરનિંદા સુઝે છે માટે નવરા ન રહેવું.

(૮) **ઘણાં દ્વારવાળું ઘર ન રાખે**–જેથી ચોર આદિનો ભય ન રહે. કોઇ ગુપ્તપણે કુમાર્ગે ન જાય તથા ઘણાં આશ્રવ કર્મ આવવાના કામ ન કરે.

(૯) **સારો પાડોશ રાખે**–જેથી લડાઇ વિગેરે ન થાય તથા ચારિત્રમાં દોષ ન આવે. બધા પ્રસંગોમાં સત્સંગ રાખે જેથી સદ્‌ગુણો વધે, અને દુર્ગુણો ઘટે.

(૧૦) **અતિ ગુપ્ત તથા અતિ પ્રગટ વાસ ન કરે**–અતિ ગુપ્તમાં ભય યા અકસ્માતના વખતે બચાવનાર ન મળે તથા દુરાચારનો ભય છે, અને અતિ

પ્રગટમાં જ્યાં ત્યાં નજર જઇ અનેક બુરી વાસના વધે, મન ચંચલ થાય.

(૧૧) **ગુણીજનનીજ સંગતિ કરે**–વ્યાપાર કરવો, ફરવા જવું, મિત્ર રાખવા, વાતચીત કરવી, વિશ્રામ લેવો, મુસાફરી કરવી, પાડોશમાં રહેવું વિગેરે બધા કામમાં ગુણીજનનીજ સંગતિ કરે; કારણ સોબત તેવી અસર. અફીણના છોડને પાયેલ પાણી વિષ બને છે અને શેરડીના વાડને પાએલ પાણી મીઠું થાય છે. ગંગા નદીનું પાણી બહુ મીઠું છે છતાં દરીયામાં મળતાં ખારૂં થાય છે. ગટરમાં નાખવાથી ગંદુ બને છે. માટે હંમેશાં સત્સંગમાં રહેવું.

(૧) જ્ઞાન અને ચારિત્ર યુક્ત સદ્‌ગુરૂની અમૃત વાણી સાંભળવી, હિતશિક્ષા ગ્રહણ કરવી તે શ્રેષ્ઠ સત્સંગ છે. આવો સત્સંગ અવશ્ય કરે.

(૨) જ્યારે સદ્‌ગુરૂનો સમાગમ ન હોય ત્યારે તેવાજ ઉત્તમ પુરૂષનું નૈતિક, ધાર્મિક અથવા તત્ત્વનું

પુસ્તક એકાગ્રતાથી વાંચવું, મનન કરવું તે પણ શ્રેષ્ટ સત્સંગ છે.

(૩) છેવટે સુશીલ મિત્રો સાથે પરનિંદા, ગપ્પાં છોડી 'ધાર્મીક, નૈતિક, તથા જીવન સુધારે તેવા પવિત્ર વિચારોની આપ લે કરવી તે સત્સંગ છે પરંતુ કદી પણ કુસંગમાં ન પડવું.

(૪) ચારિત્ર વિનાના મનુષ્ય અથવા નોવેલ અને તેવાંજ નકામાં મગજને વિકારી કરનાર વાંચનો, નાટકો, સીનેમા વિગેરે કુસંગ છે. તલવાર શરીરને કાપે છે જ્યારે કુસંગ આત્માને છિન્નભિન્ન કરે છે માટે સદા કુસંગ છોડી સત્સંગી થવું જોઇએ.

(૧૨) **વિનયવાન**—અભિમાનરહિત આત્મા અનંત જ્ઞાન દર્શન, સુખ શક્તિ યુક્ત છે તો તુચ્છ વસ્તુની પ્રાપ્તિમાં ગર્વ શાને કરૂં! એમ વિચારી સદા વિનયવંત રહે. શરીર, બળ, રૂપ, ધન, સત્તા અને વૈભવ આત્માની વસ્તુ નથી. બધી જડ વસ્તુ છે અને આત્માએ તેને અજ્ઞાનથી પોતાની માની છે. કોઈની

ટકી નથી. રાવણ જેવા ત્રણ ખંડના મહારાજા અને અનેક ચક્રવર્તિ બધું છોડી ગર્વથી નરકમાં ગયા છે માટે સદા ગર્વ-અભિમાન-અહંકાર છોડી વિનયવાન થાય.

વધારે ગુણી પ્રતિ ભક્તિ, સમાન સાથે મૈત્રી અને નાના સાથે પ્રેમ રાખે એટલે ગુણ ગ્રહણ કરે. મીઠાશથી હિતશિક્ષા આપે. વિનયના પાંચ પ્રકાર છે.

(૧) જ્ઞાન વિનય—હંમેશાં કંઈક પણ સારૂ જ્ઞાન અવશ્ય શીખે, વાંચે, જ્ઞાનીની સંગતિ કરે તથા વિનય ભક્તિ કરે.

(૨) દર્શન વિનય—જેથી કરી વિવેકબુદ્ધિ પ્રગટે, સારી સમજણ થાય તેવી ભાવના ભાવે તથા તેવા ઉત્તમ આત્માઓની વિનય ભક્તિ કરે તથા સંગતિ કરે. સમકિત ભાવના ભાવે.

(૩) ચારિત્ર વિનય—પોતે કંઇક પણ જે સારૂં સમજે તે વર્તનમાં મુકે, દોષનો ત્યાગ કરી સદ્‌ગુણ ધારણ કરે તથા ચારિત્રશીલ પુરૂષની વિનયભક્તિ કરે તે ચારિત્ર વિનય છે.

(૪) તપ વિનય—સ્વયં ઈચ્છાને દાબે, બુરી વાતની ઇચ્છા ન થવા દેવી તે તપ વિનય, તપસ્વી પુરૂષોની વિનય ભક્તિ કરે.

(૫) વ્યવહાર વિનય—મોટા આવે એટલે ઉભા થવું. જાય એટલે પહોંચાડવા જવું. ગમે તે આવે તેને આદર આપવો. "પધારો" તેમ કહેવું. શી આજ્ઞા છે ? વિગેરે પુછવું. બોલાવે કે, "જી હાજર" વિગેરે વિનયના શબ્દથી ઉત્તર આપવો. ઉઠીને માતા, પિતા, વડિલ, કુટુંબીઓને પગે લાગવું. મોટેરા ઉંચે શબ્દે કહે તે શાંતિથી સાંભળી ધીમેથી હાથ જોડી કહેવું કે "મારી ભૂલ થઇ માટે ક્ષમા કરો," હવેથી ધ્યાન રાખીશ. કદિ પોતે ભૂલ ન કરી હોય તો તે વખતે શાંત રહી બીજે સમયે વિનયપૂર્વક વાત કરવી વિગેરે વિનય તે વ્યવહાર વિનય છે.

વિનય ધર્મનું મૂળ છે અને વિનયથી વિદ્યાની પ્રાપ્તિ થાય છે. વિનયગુણ બહુ મોટો છે. તેનામાં બધા ગુણો ગ્રહણ કરી શકાય છે. વિનય તે વશિકરણ

મંત્ર છે. ગમે તેવો ક્રોધી પણ વિનયથી શાંત થાય છે, માટે સદા શુદ્ધભાવે કપટ રહિત, લાલચ રહિત, વિનય કરવો એ નૈતિક જીવનનું ઉત્તમ લક્ષણ છે.

(૧૩) ભયવાળા સ્થાનનો ત્યાગ કરે— નકામુ જોખમ ન ઉઠાવે. ઓળખાણું વિના સાથ ન કરે, ઓળખાણ વિના નાણાં ન ધીરે. દયા ભાવથી આપી દે પણ વેપાર ખેડવા જોખમનું કામ ન કરે. ઉંડા પાણીમાં પરીક્ષા કરવા ન ઉતરે, ખોટું સાહસ કરી કોઇ વસ્તુ ઢોળાઈ જાય કે પોતાને ગંભીર હાની થાય એવું કામ ન કરે. જે મકાન પડે તેવું હોય યા ચોરાદિનો ભય હોય ત્યાં વિસામો લેવા ન રોકાય વિગેરે ભયના સ્થાન એટલે પ્રસંગ હંમેશાં છોડે.

(૧૪) ઉપજ ખર્ચનો હિસાબ રાખે—

(૧) કમાણી થાય તેમાંથી ઓછામાં ઓછો ચોથો ભાગ ($\frac{૧}{૪}$) પરમાર્થ સારા કામમાં ખર્ચ કરે.

(૨) ચોથો ભાગ ભવિષ્યની પ્રજાને વિદ્યાદાન

આપવા (ભણાવવા) તથા વૃદ્ધાવસ્થા આદિ કામો માટે સાચવી રાખે.

(૩) પેદાશના અર્ધા ભાગમાં જરૂરી ખર્ચ કરે અને કરકસરથી કામ લે. બે ચીજની જરૂરીઆતમાં એકથી ચલાવે, કારણ દશ ચીજ ખાય તો પણ પેટ ભરાય છે. ઘણી વસ્તુઓ ખાવાથી કંઇ પણ લાભ નથી, કેવળ રોગ વધે છે ને જલદી પરલોકમાં જવું પડે છે. વળી વધારે ખર્ચ કરતાં વધારે કમાવું પડે છે ને તે ન મળે તો અનીતિ સુઝે છે. માટે સદા કરકસરવાળું, સાદુ, સ્વાવલંબી, નિરાભિમાની જીવન રાખવું. ખાવાની જેમ પહેરવાનાં કપડાં, રહેવાનાં ઘર, ને લોકરિવાજમાં ખોટી શોભા તત્કાળમાં ને ભવિષ્યમાં દુઃખોથી ભરપુર છે; અજ્ઞાનતાથી ક્ષણભર સારી લાગે છે. જેમ સોજા ચઢેથી શરીર જાડુ દેખાય તથા સન્નિપાત થતાં શરીરમાં બળ આવે તે સુખ માટે નહિ પણ દુઃખ માટે છે, જીવન વધારવા માટે નહિ પણ જીવનનો અંત લાવવાનાં ચિન્હ છે. તેવી રીતે ઉડાઉ

ખર્ચ, એશઆરામ, નાટક ચેટકના ખર્ચ, મોટા લગ્નસરાના ખર્ચ, નાત જાત જમાડવાનાં ખર્ચ, હોટલ અને ઘેર બહુ સ્વાદ લેવાનાં ખર્ચ, ફેન્સી કપડાં ને રેશમી વસ્ત્રોનાં ખર્ચ, બીન જ રીઆત તથા દુઃખવધક જાણી ન કરે.

જે દેશમાં આશરે વસ્તીનો આઠમો ભાગ ચાર કરોડ માણસને રોજ ભુતુયા સુવુ પડે છે ત્યારે ત્યાંના દેશબંધુઓ એશઆરામ કરે, ઉડાઉ બને તે ઘોર પાપ કરે છે, અનીતિ કરે છે. ૧. મોજમજામાં ખર્ચ કરનારનું જ્ઞાન તે સોજા ચઢેલ કે સંન્નિપાત થયે શરીર સુધર્યાનું માની ખુશી થવા જેવું અજ્ઞાન છે. ૨. નીતિવાન બનવાની ઇચ્છાવાળાએ પોતાની બધી શક્તિ અને સંપત્તિ સુશિક્ષા અને સદાચારની વૃદ્ધિમાંજ ખર્ચ કરવી જોઈએ. માર્ગાનુસારી જીવ પણ કરકસર કરી બધી બચત સુયોગ્ય સુવ્યવસ્થાપક દ્વારા પરોપકારમાં ખર્ચ કરાવે.

સાદાઇ અને કરકસરથી જે ખર્ચ ઘટે અને પૈસો

બચે તે નવો કમાયા બરાબર છે. "A penny saved is a penny got. એક પાઇ બચાવી તે એક પાઈ કમાવા બરાબર છે. વળી ઉપજ ખર્ચના હિસાબમાં પુણ્ય પાપનો હિસાબ રાખવાનું પણ આવી જાય છે. પોતેં મનુષ્ય થયો છે તે મનુષ્ય જન્મ મુખ્ય ચાર ગુણો (૧) સત્ય (૨) વિનય (૩) દયા-વિવેક પૂર્ણ અહિંસા અને (૪) ગુણાનુરાગ (ઇર્ષાનો ત્યાગ) ધારણ કરવાથી મળેલ છે. એમાં એક પણ ગુણ ન હોય તો મનુષ્યભવ મળતો નથી. હવે પોતે તે ચાર સદ્‌ગુણ બરાબર ધારણ કરે છે કે કેમ તેનો હિસાબ રોજ રાત્રે તપાસે. જો એક પણ ગુણ અધુરો હશે તો પશુમાં જન્મ થશે ને દુર્ગુણો વધશે તો નરક ગતિ તૈયાર છે. આવો વિચાર કરી સદ્‌ગુણોથી અહીંજ શાંતિ, નિર્ભયતા, ઉન્નતિના લાભો ને પરભવમાં દુઃખથી બચવાનું વિચારી સદા તેને ધારણ કરે. જો ચાર સદ્‌ગુણથી બીજા અનેક ગુણો વધે તો કમાણી થઇ સમજવી ને તે ગુણો કાયમ રહે તો મૂળ પુંજી

રહી સમજવી. ને તે ગુણો ઘટે તો ખોટ સમજવી. ખોટ ખાનારની શી દશા થાય છે તે વિચારી કદી ખોટ પડે તેવું કામ ન કરે તે જ સદ્ધર વેપારી ગણાય છે. રોજ રાત્રે સુતા પહેલાં આખા દિવસનાં કામો વિચારી દોષો માટે અંતઃકરણથી પશ્ચાત્તાપ કરી તે દોષ સેવન કરાવનાર વાસનાને ધિઃક્કારી, નીંદી તે નાશ થાઓ તેમ પાંચ દશવાર ચિંત્વન કરી સદ્‌ગુણ પ્રગટ થાઓ, સદ્‌ગુણ પ્રગટ થાઓ તેવું ચિંત્વન કરવું.

(૧૫) ઉચીત વસ્ત્ર આભૂષણ રાખે—

(૧) જે ચીજ વિના ન ચાલે, જે બહુ જરૂરી હોય, જે ભવિષ્યમાં કામ આવે તેવી હોય તેજ ચીજો, તેવાં ઘરેણાં ને તેવાં કપડાં રાખે. દાખલા તરીકે એક લાખ રૂપીઆનું ધન હોય તે બધું વેપારમાં જ હોય અને કાંઇ જોખમ લાગે તો તદ્દન નિર્ધન થાય જેથી અમુક રકમનું ઘરેણું વગેરે રાખે. જે વિપત્તિમાં કામ લાગે વળી જે ઘરેણાંની ઘડાઇ બહુ લાગે, માત્ર ફેન્સી કરવા માટે તેવા બનાવે તે અનુચિત

ઘરેણું કહેવાય. તેમ જે વસ્તુ વેચવાથી કે ફાટવા તુટવાથી તદ્દન નકામી જેવી થાય છે—જેવાં કે કાચના ફરનીચર કે ફેન્સી કપડાં વિગેરે અનુચીત (અયોગ્ય) કહેવાય છે.

જે કપડાં ફાટયા પછી ગરીબોને કામ આવે યા ઓઢડાં થાય, જે દાગીના ગમે ત્યારે પુરાં નાણાંથી વેચી શકાય, જે ત્રાંબા પીત્તળ કે લાકડાની ચીજો ભાંગે તોય વેચવાથી પોણી કીંમત ઉપજે તેને ઉચિત્ત સાધન કહે છે. પ્રાચીન કાળમાં ભારતમાં ઉચિત ખર્ચે હતા તો આ દેશ ધન, ધાન્ય, ઋદ્ધિ, સમૃદ્ધિ, ધર્મ, દાન, પુણ્ય અને સ્વતંત્રતામાં શ્રેષ્ટ હતો. આજે નકામી શોભાનાં ખર્ચ વધારવાથી આ દેશમાં નિર્ધનતા, પરતંત્રતા, ચીંતામય જીવન અને ધર્માધતા (ધર્મનો ખોટો—અજ્ઞાનપૂર્ણ મોહ) વિગેરે દોષો ઉત્પન્ન થયા છે.

હજુ જરૂરીઆતો ઘટાડી શ્રમમય જીવન, સંયમ, બ્રહ્મચર્ય, સુશિક્ષા, વ્યસન માત્ર ત્યાગ, સંપ, પુરૂષાર્થ ધર્મ, પ્રેમ, આદિ સદ્ગુણો પ્રગટ કરવામાં આવે તો

જેમ સારી દવા અને પથ્ય પાલનથી ફરી આરોગ્ય મળે છે તેમ ભારત પુનઃ સુખી થઈ શકે અને અત્યારે સુર્યના અસ્ત પ્રામવાના જેવો જે પ્રકાશ છે તે સુરમ્ય પ્રભાતમાં ઉગતા સુર્યનાં સુવર્ણ કીરણોમાંથી ઝરતો આલ્હાદ્જનક મધુરો પ્રકાશ થશે.

(૧૬) શાસ્ત્ર શ્રવણમાં એકાગ્ર ચિત્ત રાખે—સદ્ગુરૂ પાસે યા સદ્ગુરૂના લખેલ વચન યા છાપેલ એકાગ્રતાથી હંમેશ સાંભળે અથવા વાંચે અને મનન કરે જેથી અનેક દુઃખો, ધૈર્ય અને સુબુદ્ધિથી ક્ષણમાં નાશ થઇ જાય અને સત્યમાર્ગ મળતો રહે.

જેમ ભોજન, પાણી અને હવા શરીરને પોષણ આપનાર ખોરાક છે, તેમ આત્માને પોષણ કરનાર જ્ઞાન છે.

"**ज्ञानामृतं भोजनं**" જ્ઞાન એજ અમૃત ભોજન છે. બીજા ભોજનની તૃપ્તિ છ કલાક કે ચોવીશ કલાક ટકે છે જ્યારે જ્ઞાન ભોજનની તૃપ્તિ અનંતકાળ, અક્ષય રૂપે કાયમ રહે છે માટે સત્યજ્ઞાન આત્મજ્ઞાન પ્રાપ્ત

કરવા હંમેશાં વાંચન યા શ્રવણુ રાખવું જરૂરી છે. આટલા માટે સામાયિકાદિ નીયમો નિશ્ચિત કરેલા છે જેમાં આવાં કાર્યો શાંતિથી થઈ શકે છે.

(૧૭) યોગ્ય વખતે યોગ્ય આહાર કરે— જ્યારે પુરી ભૂખ હોય ત્યારે બરાબર ચાવીને કરેલ સાદું ભોજન બહુ ફાયદાકારક થાય છે અને ભૂખ વિના જમેલ ભોજન રોગની ઉત્પત્તિ કરે છે. હંમેશાં સાદું ભોજન ભૂખ હોય એથી થોડું ઓછું કરે તો કદી પેટમાં રોગ થતો નથી ને પેટના રોગ વિના શરીર સદા નિરોગી રહે છે. કારણુ બધા રોગનું મૂળ પેટ છે. જેમ વૃક્ષનો આધાર મૂળીયાં પર છે, તેને પાણી મળે તો ફળફૂલ પાંદડાં ભરપૂર આવે છે, અને મૂળ સડે તો આખું વૃક્ષ નાશ પામે છે. મીલઍનમાં બોઇ-લર બગડે તો બધા સંચા બંધ થાય છે તેમ સૌથી પહેલાં રોગ પેટમાંથી શરૂ થાય છે. વધારે ખાય, ભારે ખોરાક (બહુ ઘી, મેંદો, મીઠાઇ) ખાય, બહુ મસાલાવાળી ચીજો (ફરસાણુ, ભજીયાં, વડાં, કચોરી

સેવ, દાળ પકોડી વિગેરે) ખાય, તો હજારો રોગ દાખલ થઈ જાય છે. જેમ જરા અગ્નિ લાગતાં ઘર ચોમેરથી સળગી ઉઠે તેમ એક રોગ લાગુ પડતાં અનેક રોગ દાખલ થાય છે. આજે જનસમાજ બહુ રોગી થાય છે તેનું કારણ ખાવા પીવામાં સંયમ નથી. ગામડાના લોકો રોટલા છાશ અને કઢી ખાય છે તો નિરોગી રહે છે. શહેરના ધનવાન કુટુંબો બહુ ખાય છે તો ડોકટરના ચાલુ ઘરાગ રહે છે, કડવી ને ગંધાતી દવાઓ પીવાના દુઃખ ઉપરાંત પૈસાનો નાશ, શરીરનો નાશ, સુખનો નાશ, આયુષ્યનો નાશ, અને અનેક જીવોની હિંસાની દવાઓ ને રસો ખાઇ ધર્મનો નાશ કરી તે બીચારા જીભના સ્વાદના કીડા અહીં ઘણું દુઃખ ભોગવી દુર્ગતિમાં ચાલ્યા જાય છે વળી તેમની પ્રજા પણ તેવી રોગી, ક્ષીણ, વીર્ય-રજની, તેવી માંદી રોતડ, નિરૂત્સાહી, વ્યસની થાય છે અને પોતે દુઃખી થવા ઉપરાંત ભવિષ્યની પ્રજા અને દેશને હાનિકર તે જીવ થાય છે માટે વાચક બંધુ અને બ્હેન ! આજથી

ખાવાપીવામાં ખુબ વિચાર રાખે. બધી કરોડો દવાની એકજ દવા બધા ડોકટરો ને વૈદ્યોએ મંજુર કરી છે કે 'પુરી ભૂખ લાગે ત્યારે જરૂરથી થોડું ઓછું, સાદુ ભોજન ખાવું એજ આરોગ્યનું મૂળ છે" અને "ભૂખ વિના જમવું તે રોગને ગ્રહણ કરવા બરાબર છે". સંયમ રાખવાથી ખર્ચ ઘટશે, જરૂરીઆતો ઘટશે, રોગ ઘટશે, પાપ ઘટશે અને આરોગ્ય, બુદ્ધિબળ, આયુષ્ય અને અનેક સુખો મળશે.

(૧૮) વખતનો હંમેશાં સદુપયોગ કરે—

(૧) જીવનની એક ક્ષણ પણ કરોડો સોનામહોરો આપવાથી પાછી મળી શકતી નથી તેવા અમૂલ્ય વખતને નકામો ગુમાવવા બરાબર બીજી કઇ હાનિ છે ?

(૨) સદ્ભાગ્યનો પિતા સુપુરૂષાર્થ અને માતા અચલ શ્રદ્ધા (અવશ્ય કાર્ય સિધ્ધિ થશે એવો નિશ્ચય) છે.

(૩) જીવન રૂપી ખજાનો છે, કલાકો તેની તીજોરીઓ છે, અને પળ (ક્ષણ) તેમાંના કિંમતી હીરા

છે. ડાહ્યા માણુસો કિંમતી હીરો ખોવા કરતાં એક ક્ષણુ નકામી જાય તેને વધારે હાનિકારક સમજે છે.

(૪) રત્નથી કાગડો ઉડાડનારને રત્નની ખબર પડયાથી પશ્ચાતાપ કરવો પડે છે તેમ વખતને ખાવા પીવા, એશઆરામ, નિંદા, ગપ્પાં અને ઉંઘમાં વ્યતીત કરનારને મરણુ સમયે પશ્ચાતાપ થાય છે.

(પ) જેટલું આપણું જીવન સત્કર્મમાં ગયું હોય તેટલું ખરૂં જીવન છે બાકી નકામું છે. વરસાદનું જેટલું પાણી આપણા ઘડામાં ભરાણું તેજ આપણું છે, બાકી વહી ગયું છે. આ પ્રમાણે વખતને અમૂલ્ય સમજી દરેક ક્ષણુનો સારામાં સારો ઉપયોગ કેમ થાય તેની ચિંતા રાખવી જોઇએ. આજ ભારતમાં અનિયમિતતા અને વખતનો દુરૂપયોગ વધી ગયાં છે અને આ દોષની છાપ મજબૂત થતી જાય છે તે સુધારવાની જરૂર છે. અંગ્રેજ લોકો કહે છે કે–"Time is money" વખત એ ધન છે. જેમ ધન ખર્ચતાં વિચાર કરે, નકામું ન જવા દે તેમ વખતને ગણે છે. આપણાં

ધર્મશાસ્ત્રોમાં એથી પણ વધુ શિક્ષા છે. “ **समयं गोयम मापमायए** ”–હે ગૌતમ! એક ક્ષણ પણ પ્રમાદ કરીશ નહિ, તારૂં આત્મહિત ભૂલીશ નહિ. હવેથી દિનચર્યા (ટાઈમ ટેબલ) નક્કી કરી કામ કરતાં શીખવું જરૂરી છે. આથી જે કામ એક મહિનામાં પુરૂં નહિ થતું હશે તે એક અઠવાડીયામાં સુગમતાથી થઈ જશે.

(૧૯) **ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થમાં વિવેકી**–અર્થ એટલે ધન સંપત્તિ અને ભોગ એટલે શરીરની જરૂરીઆતોમાં વિવેકી હોય જે વિના નજ ચાલે ત્યાં ન્યાયનીતિ અને ધર્મરક્ષા પૂર્વક પ્રવૃત્તિ કરે.

અર્થ એટલે કામનું, જરૂરી વસ્તુ મેળવે તે અર્થ એટલે ધન છે. બાકી વિકાર છે રોગ છે. ભોગ એટલે ઇંદ્રિયોના ભોગ ખૂબ કરે એવો અર્થ કરનાર અર્થનો અનર્થ કરે છે. ભોગ શબ્દ ભુંજ ઉપરથી બન્યો છે. શરીરના વપરાશની ચીજ માત્ર ભોગ છે. મકાન, કપડાં, ભોજન વિગેરે સ્ત્રી સમાગમ કંઈ નિત્યની

ભોગની વસ્તુ નથી કારણ જાતિવાન પુરૂષ સંતાનની જરૂર સિવાય ભોગ કરતા નથી. સ્ત્રી પુરૂષને ભોગથી શરીરનો રાજા વીર્ય ક્ષય થાય છે. વીર્ય અમૂલ્ય વસ્તુ છે. એક મણ અનાજનું એક શેર લોહી થાય છે ને એક શેર લોહીનું સવા તોલો વીર્ય બને છે. તે આંખ, કાન, નાક બીજા અંગોપાંગ ને મગજમાં શક્તિ આપે છે. જે દંપતી વિષય સેવી વીર્ય (પુરૂષ તત્ત્વ) રજ (સ્ત્રી તત્ત્વ) નો નાશ કરે છે તે શરીરના શત્રુ છે. તે રોગોના શિકાર બની દુઃખી થઇ મરણ પામે છે. વહેલા વૃદ્ધ થાય છે, નબળા, માંદા ને મરી જઈ રોવરાવનાર તથા રોગી થઈ ઘણાં ખર્ચ કરાવી ભારભૂત થનાર સંતાનના માબાપ થાય છે. શરીર, સુખ અને સંતાન સુખનો નાશ કરે છે, તથા થોડું આયુષ્ય ભોગવી ધર્મરહિત પામર જીવો દુર્ગતિમાં ચાલ્યા જાય છે માટે કામ ભોગ ઉપર પુરેપુરો સંયમ રાખવો જોઇએ. પુરૂષે પચ્ચીશ વરસ અને સ્ત્રીએ સોળ વરસ પહેલા લગ્ન કરવાં તે કાચી કેરી ઘોળી રસ રોટલીના સ્વાદની

ઇચ્છા કરવા બરાબર છે. કારણ ત્યાં સુધી વીર્ય કાચું હોય છે, પચ્ચીશ વરસે તે પાકે પણ હજુ અપૂર્ણ હોય છે. જે મનુષ્ય શરીર રક્ષાના નિયમ પ્રમાણે વર્તવા ચાહે તેણે સ્ત્રીએ પચ્ચીશ વરસ અને પુરૂષે ચાલીશ વરસ સુધી શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું જોઈએ. આ ઉમ્મરે વીર્ય પૂર્ણ થાય છે. આવા માતા પિતા જ્યાં હોય છે ત્યાં દિવ્ય સંતાન થાય છે. એક સિંહને કરોડો ઘેટાંના બચ્ચાં જીતવા સમર્થ નથી તેમ બ્રહ્મચારી સુશીલ દંપતિની સંતાન સિંહ જેવી પરાક્રમી થાય છે. આવું એક વીર સંતાન જેટલું પોતાનું ને પરનું કલ્યાણ કરે છે તેટલું કલ્યાણ કરોડો વીર્યહીન સંતાન કરી શકતા નથી એટલુંજ નહિ પણ ઉલટું અહિત કરે છે.

જે દંપતિ ગર્ભકાળમાં મૈથુન કરે છે તે સંતાનની ઘાત કરે છે. કારણ સંતાન વિષયી થાય છે અને રોગી થઈ નાની વયમાં મરણ પામે છે. આજે બાળકોમાં કુટેવો દેખાય છે તથા ઘણાં બાળ મરણ થાય

છે તેનું મૂળ કારણ ગર્ભકાળમાં અસંયમ છે. માટે ગર્ભ રહ્યા બાદ ત્રણ વર્ષ શુદ્ધ બ્રહ્મચર્ય પાળે તેનાં સંતાન શ્રેષ્ઠ થાય છે. એકવારના વિષય સેવનથી દશ દિવસનું આયુષ્ય ઘટે છે. આ પ્રમાણે શરીર શાસ્ત્ર-વાળા કહે છે. અહીં કોઇ શંકા કરે કે ઘણાં લોકો તો રોજ મૈથુન સેવી વધારે જીવે છે તે કેમ? તેનો ઉત્તર જે અપૂર્વ શાંતિ, આનંદ ને સુખમય જીવન હતું તે નાશ કરી દુઃખમય આયુષ્ય ભોગવે છે જેથી મરણ બરાબર છે. કોઈ ભોગી નિરોગી રહે તો એમ ન માનવું કે તેને હાનિ ન થઇ. તે માણસનું પુણ્ય અને શરીર તત્ત્વો બહુ મોટું કામ કરે તેવાં હતાં જે ઘસાઈ ગયાં. જેમ મોટી ઈમારત પડી જાય છતાં તેનાં લાકડાંના પાંચ દશ હજાર ઉપજે તેમ આણે લાખોનો નાશ કરી સેંકડોમાં આનંદ માન્યો છે તેમ સમજવું.

શ્રી દશવૈકાલીક સૂત્રનું પ્રથમ અધ્યયન ભાવાર્થ સાથે.

ધમ્મો મંગલ-મુક્કિટ્ઠં, અહિંસા સંજમો તવો;
દેવા વિતં નમંસંતિ, જસ્સ ધમ્મે સયામણો. ૧

ભાવાર્થઃ—આ સંસારના સર્વ પદાર્થોમાં ધર્મ પદાર્થ તેજ સારભૂત છે. ધર્મ એટલે શું? જીવને દુર્ગતિમાં પડતા ધરી રાખીને સદ્‌ગતિ પ્રાપ્ત કરે તેજ ધર્મ. જીવને દુર્ગતિમાં પડતાં કયો ધૃમ ધરી રાખે? તીર્થંકર મહારાજ સૂત્ર ધર્મ તથા ચારિત્ર ધર્મ રૂપ ભાંખી ગયેલ છે તેજ જૈન ધર્મ. તે ધર્મ ત્રણ પ્રકારે નીપજે. પ્રથમ છકાય જીવની રક્ષા એટલે સર્વજીવની દયા પાળવી તે ૧, બીજો-સત્તર પ્રકારે સંયમ અથવા પાંચ ઇંદ્રિયોને કાબુમાં રાખવી તે-૨, ત્રીજો બાર પ્રકારનો તપ અથવા તૃષ્ણાનો ત્યાગ તે-૩. તે ધર્મ કેવો છે? ઉત્કૃષ્ટ માંગલિક છે. તે માંગલિકના પાંચ

ભેદ છે. ૧. શુદ્ધ માંગલિક–તે પુત્રાદિકનો જન્મ; ૨. અશુદ્ધ માંગલિક–તે ગૃહાદિક નવાં કરાવવાં તે; ૩. ચમત્કાર માંગલિક–તે વિવાહ પ્રમુખ; ૪. ક્ષીણ માંગલિક–તે ધન આદિની પ્રાપ્તિ; ૫. સદા માંગલિક–તે સર્વે જીવની દયા પાળવી (તે સર્વોત્કૃષ્ટ માંગલિક છે).

શિષ્યઃ—માંગલિક ધર્મ આરાધવાથી કોઇ જીવોને દુર્ગતિમાં પડતાં ધરી રાખ્યા હશે ?

ગુરૂઃ—હા, પરદેશી રાજા, અર્જુનમાળી, સંજતિ રાજા વિગેરે ઘણાં જીવો દુર્ગતિએ જવાની તૈયારીમાં હતા તે મોક્ષ અને દેવલોકે ગયા.

શિષ્યઃ—એવો ધર્મ આરાધનારને આ લોકને વિષે પ્રત્યક્ષ પુરાવો અને ફાયદો શું ?

ગુરૂઃ—જે સ્ત્રી પુરૂષનું મન હંમેશાં ધર્મમાંજ છે તેઓને ચાર ગતિના દેવતા અને ચક્રવર્તિ, બળદેવ, વાસુદેવ આદિ આવીને નમસ્કાર કરે છે.

જહા દુમસ્સ પુપ્ફેસુ, ભમરો આવિયઇ રસં
ન ય પુપ્ફં કિલામેઈ, સો ય પીણેઈ અપ્પયં ॥૨॥

શિષ્યઃ—ઉપર કથિત ધર્મ સર્વથા પ્રકારે કોણ પાળી શકે?

ગુરૂઃ—હે શિષ્ય! તે ધર્મ તો સાધુજ પાળી શકે.

શિષ્યઃ—સાધુને આહારાદિ ક્રિયા કરવાની છે તેથી ગૃહસ્થીને કદાચ દુઃખ પેદા થાય તો તે ધર્મ કેમ નીપજે?

ગુરૂઃ—હે શિષ્ય! દ્દષ્ટાંતે કહું છું તે સાંભળ. જેમ વૃક્ષના પુષ્પમાં રસના બિંદુઓ ઠરેલા હોય, તે ફુલને કિલામના ન ઉપજાવતાં ભમરો મર્યાદાએ એટલે અધરથી રસ પીએ પણ વૃક્ષને તથા પુષ્પને પીડા ઉપજાવવા દે નહિ. દ્રષ્ટાંતનું સિદ્ધાંત–વૃક્ષ સમાન ગ્રામાદિક; પુષ્પ સમાન ગૃહસ્થ; રસ સમાન આહારાદિક અને ભમરા સમાન સાધુ મુનિરાજ. તે આહારાદિક ગૃહસ્થના ઘેરથી મર્યાદા પ્રમાણે લઇને આપણા આત્માને સંતોષ પમાડે પણ ગૃહસ્થને ટોટો પડે અગર તેને દુઃખ ઉપજે તેમ મુનિ આહારાદિક લે નહિ.

એમે એ સમણા મુત્તા, જે લોએ સન્તિ સાહુણો ।
વિહંગમાવ પુપ્ફેસુ, દાણ ભત્તેસણેરયા ॥ ૩ ॥

શિષ્યઃ—ઉપર કહેલા મુનિરાજ હાલ કયાં છે? તે કેવા ગુણના ધારણહાર હોય, તેને સાધુ કહીએ?

ગુરૂઃ—તે મુનિરાજ અઢી દ્વિપ રૂપ લોકને વિષે છે. તેઓ બાહ્ય, અભ્યંતર પરિગ્રહથી મુકાણા છે. બાહ્ય તે પૈસાદિકનો ત્યાગ છે, અભ્યંતર ક્રોધાદિકનો ત્યાગ છે. જ્ઞાનાદિકે કરી મોક્ષને સાધે તેને સાધુ કહિએ.

શિષ્યઃ—તે સાધુને ભમરાની ઉપમા કેમ દીધી?

ગુરૂઃ—જેમ ભમરો ઘણા પુષ્પ ઉપર આવે પણ એક પુષ્પ ઉપર બેસી રહે નહિ તેમ સાધુ મુનિરાજ ઘણા ગૃહસ્થના ઘરને વિષે જાય પણ એક ઘરનો આશ્રય કરી રહે નહિ. વળી ભમરો તો અણદીધું પણ લે છે. કારણ વૃક્ષ પોતાના પુષ્પનો રસ ભમરાને આપતું નથી. ભમરો પોતાની મેળેજ રસ પીએ છે પણ સાધુ તો ગૃહસ્થે જે આપેલું હોય તે પણ બેતાં-લીસ દોષ રહિત હોય તેજ ગ્રહણ કરે છે.

વયં ચ વિત્તિં લબ્ભામો, ન ય કોઇ ઉવહમ્મઇ ।
અહાગડેસુ રીયન્તિ, પુપ્ફેસુ ભમરા જહા ॥૪॥

ગુરૂનાં વાક્યો સાંભળી શિષ્ય ગુરૂ પ્રત્યે કહે છે કેઃ-

જેમ પુષ્પ ઉપર ભમરો જાય છતાં પુષ્પને કિલામના ઉપજાવે નહિ તે પ્રમાણે ગૃહસ્થિએ પોતાના નિમિત્ત આહારાદિક નિપજાવેલ હશે તેને વિષે પૃથ્વી આદિક છ કાય જીવની વિરાધના નહિ થાય તેમ અમે પણ આહારની વૃત્તિએ વિચરીશું.

મહુકાર સમા બુદ્ધા જે ભવન્તિ અણિસ્સિયા ।
નાણાપિણ્ડ-રયાદન્તા, તેણ વુચ્ચંતિ સાહુણો ॥૫॥

શિષ્યઃ—સાધુ કોને કહીએ ?

ગુરૂઃ—ભમરાની પેઠે ઘણા ઘરના થોડા થોડા આહારને વિષે રક્ત અને પાંચ ઇંદ્રિઓના દમણહાર, કુળ આદિની નિશ્રા ને અપ્રતિબંધપણે વિચરે તેને સાધુ કહીએ. આ પ્રમાણે સુધર્મા સ્વામીએ પોતાના જંબૂ સ્વામી નામના શિષ્યને કહ્યું.

વચનામૃત.

૧ અલ્પ આયુષ્ય, મહાન પાપ. અરધા શેર અન્નની જરૂર અને લાખ મણની ચીંતા. સાડા ત્રણ હાથ જમીનની જરૂર અને મોટી મ્હેલાતોની ચીંતા. દશ વીસ વર્ષોનું આયુષ્ય અને અસંખ્ય વર્ષોની ગણત્રીની કલ્પના. આતે કયાંનો ન્યાય ?

૨ સંસારી જીવોની અજ્ઞાનતામાં તન્મયતા જોઇ ખરેખર ત્રાસ વછુટે છે. જે માણસ બકરીથી ડરે છે તે કેસરી સીંહની ઘોર ગર્જના તથા તેનો માર કેવી રીતે સહન કરી શકશે ! જે આત્મા કીડીના ડંખથી ધ્રુજે છે તે આત્મા ચંડકોશીઆ જેવા ઝેરી સર્પના દંશ કેવી રીતે મૂકપણે સહન કરી શકશે ! જે આત્મા સામાન્ય સ્નાન માટેના વિશેષ ઉષ્ણુ પાણીથી ત્રાસ પામે છે તે આત્મા પાણીથી નહિ પણ અગ્નિ રસથી ઉકળતી વૈતરણી નદીમાં કેવી રીતે બળાત્કારે સ્નાન કરવા હીંમત ખેડશે ? જે આત્મા જંગલ જતાં બાવ-

ળનો કાંટો વાગવાથી બુમ પાડે છે તે આત્મા બરછી, ભાલા વિગેરે પ્રાણવિદારક શસ્ત્રોના પ્રહારો કેવી રીતે સહન કરી શકશે ?

૩ સાધુએ ગુરૂની ભક્તિ કરવી, સંસારીએ માતા પિતાની આજ્ઞા માની ધર્મ દિપાવવો.

૪ શ્રાવક ધર્મ પાળી અનંતા જીવો મોક્ષને નજદીક કરી શકયા છે.

૫ આત્મા અને શરીર ભિન્ન છે. આત્મા અજર, અમર, અવિનાશી છે. શરીર સુખ દુઃખ અનુભવે છે. આત્માને નથી દુઃખ નથી સુખ, નથી માન અપમાન, માત્ર શરીર અનંતાકાળથી દગો દેતું આવ્યું છે અને દેતું જાય છે.

૬ સંસારના પ્રત્યેક કાર્યો ખોટાં છે અને ધર્મ તેજ સાર પદાર્થ છે. આ સૂત્રને યાદ રાખી ભરત મહારાજા અરિસા ભૂવનમાં અને મરૂદેવી માતાજી હાથીના હોદ્દા ઉપર સંસાર અવસ્થામાંજ કેવળજ્ઞાન મેળવી શકયા હતાં તો તેવા ઉચ્ચ વિચારો અને નિર્મળ ભાવનાઓ રાખવી.

૭ સંસાર સુખમાં લોભ રાખવો નહિ અને પાશવ વૃત્તિઓને આધીન થવું નહિ.

૮ સુખ અને દુઃખ સમભાવે સહન કરો.

૯ સંસારની અનિત્યતા હંમેશાં વિચારો.

૧૦ પાપનો નિરંતર પશ્ચાતાપ કરવો. પશ્ચાતાપ એ પાપથી મુક્ત કરાવનાર સાધન છે.

૧૧ વર્તમાન, ભૂત અને ભવિષ્યનો વિચાર કરો.

अ વર્તમાનમાં કેવું જીવન છે? ब ભૂતકાળમાં કેવું હતું? क ભવિષ્યમાં કઇ ગતિને પ્રાપ્ત થઈશું? ड અત્યારે મરણ આવે તો કઇ ગતિ થાય?

૧૨ મરણ આવવા છતાં ભયભ્રાંત થવું પડે નહિ તેનો વિચાર કરો.

૧૩ એક મીનીટ પણ આર્ત, રૌદ્ર ધ્યાન ધરવું ન પડે તેવા બનો.

૧૪ મરણના નામથી ભય પામો નહિ પણ હર્ષ પામો.

૧૫ વેદનીના સપાટામાં આવતાં રૂદન ન કરો પણ હર્ષ પામો.

૧૬ ચંદ્ર, સૂર્ય જેવા નિર્મળ બનો.

૧૭ લોહીવાળું વસ્ત્ર લોહીની સરિતામાં ધોઈ સ્વચ્છ કરવા જેવાં કાર્યો કરતાં વિરામ પામો.

૧૮ કોયલાને સફેદ કરવા ભૂત ઇંદ્રિય અને ભોગેચ્છાને પૂર્ણ કરી સંતુષ્ટ થવાની મિથ્યા આશા રાખશો નહિ.

૧૯ શત્રુ, મીત્ર, માન, અપમાન, સુખ, દુઃખ વિગેરે કેવળ ભ્રમ છે.

૨૦ કસ્તુરીઆ મૃગ માફક મદવાળા બની પર વસ્તુમાં આનંદ શોધવા ફાંફાં મારશો નહિ.

૨૧ આયુષ્ય અલ્પ છે, આશા અનંત કાળમાં પણ પૂર્ણ ન થાય તેટલી લાંબી છે.

૨૨ એક એક આત્મા સમયે સમયે અનંત કર્મ ત્રોડે છે, એક એક આત્મા સમયે સમયે અનંત કર્મ બાંધે છે.

૨૩ નિકટભવી, મોક્ષગામી, પુણ્યશીલ પુરૂષોને બાળવય ને વૃદ્ધાવસ્થામાં એક સરખો મરણનો ભય, ધર્મ રૂચી અને ધર્મક્રિયાશીલપણું વર્તે છે.

૨૪ વિષયેચ્છા તેના સાધનોની પૂર્તિ કરવાથી

તૃપ્ત થતી નથી અને થશે પણ નહિ. માત્ર સાધનોને ત્યાગ કરવાથી તે ઇચ્છાને પ્રવર-તપ સંયમથી ભસ્મ કરવાથીજ અપૂર્વ શાંતિ અનુભવાશે. અગ્નિમાં ઘી નાંખવાથી અગ્નિ શાંત થાય તોજ વિષયેચ્છા વિષય ભોગવતાં તૃપ્ત થાય.

૨૫ મનુષ્યના વાળ શ્વેત રંગના થાય છે, દાંત પડી જાય છે, શરીર વાંકું વળી જાય છે, ગુલાબી રક્તમય શરીર શુષ્ક ખોખું થાય છે છતાં જીવનની આશા અને વિષયની ઇચ્છા નષ્ટ પામતી નથી.

૨૬ દારૂ પીધેલ ઉન્મત્ત મનુષ્ય જેમ સ્ત્રીને માતા અને માતાને સ્ત્રી કહે છે તેમ સંસારી જીવો મોહ ઘેલછામાં સત્ય સુખને દુઃખ માને છે અને દુઃખ સાગરના દેનારને સુખનો વિધાતા માને છે. ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ કહે છે.

૨૭ છોડવાની વસ્તુ ભેગી કરે છે અને ભેગી કરવાની વસ્તુને તિલાંજલી આપે છે તેવો મુર્ખ કોણ? સંસારના વિષયોમાં રક્ત! અહા! સંસારની વિચિત્ર દશા છે.

૨૮ અર્ધો શેર અન્ન અને એક ટુકડા વસ્ત્ર માટે મનુષ્યો ચિંતામણી રત્ન હારી રહ્યા છે. ભાગ્યશાળી પુરૂષોજ ધર્મ તત્વને ઓળખી શકયા છે.

૨૯ દુઃખીને દીલાસો આપવો કિન્તુ હીમત છોડી ગભરાવવો નહિ.

૩૦ એક સારી માતા સો માસ્તરનું કામ કરે છે, માટે આપણી બાળાઓને વ્યાવહારીક અને ધાર્મિક કેળવણી આપવી જેથી ભવિષ્યમાં તે બાળાઓ સંસ્કારી માતાઓ થશે.

૩૧ વિષયાસક્ત મનુષ્યો સદા દુઃખી અને નિર્બળછે.

૩૨ જેની તૃષ્ણા વિશાળ છે તે હંમેશાં દરિદ્રી છે.

૩૩ ખરાબ વિચાર કરવા તે ઝેર પીવા બરાબર છે.

૩૪ જેણે મન જીત્યું તેણે જગત જીત્યું.

૩૫ જેણે કામ જીત્યો છે તે સર્વ શુરાઓનો સરદાર છે.

૩૬ જ્ઞાન ગર્વ માટે નથી પણ સ્વ અને પરના બોધ માટે છે.

આત્મહિતનાં વાક્યો.

૧ સર્વ શાસ્ત્રોનો સાર આત્માના સત્ય સ્વરૂપને પ્રગટ કરવાનો છે.

૨ સમ્યગ્જ્ઞાન અને સત્ય ચારિત્ર—એથીજ દુઃખનો અંત છે તેવું દરેક જ્ઞાની ફરમાવે છે.

૩ શુદ્ધ ભાવવાળી બળવાન ભાવના કાર્યની પોતાની સિદ્ધિ કરે છે.

૪ કર્મનો બંધ અને નાશ ભાવના પ્રમાણે થાય છે.

૫ ક્રોધી પ્રત્યે ક્ષમા રાખવાનો ગુણ કેળવનાર પરિણામે વીતરાગી થાય છે.

૬ ક્ષમા, નિરાભીમાનતા, સંતોષ, સમભાવ, પર પુદ્ગલ ત્યાગી એ આત્માના મૂખ્ય ગુણો છે.

૭ જ્યાં સુધી વિષયના વિલાસો ઝેર સમાન સમજાયા નથી ત્યાં સુધી પુદ્ગલ પરાવર્તન બાકી છે.

૮ કરેલાં કર્મો ઉદયે આવે ભોગવ્યેજ છૂટકો છે.

૯ મૃત્યુ સમયની અનંત વેદનાની ફરીયાદ છે કોઇ સાંભળનાર? કોઈ મંત્ર, તંત્ર, જાદુ તે વેદના સમાવવા માટે છે? જ્ઞાની કહે છે ના! ના! સ્વકૃત કર્મનાં ફલ આત્મા એકલોજ રોતો રોતો દીનદયામણા મુખે, અશરણશીલપણે ભોગવશે.

પશ્ચાતાપ અને માફી. (કવ્વાલી.)

પધારી પાપની ત્યાગી, પ્રભુજી આજ જાગું છું;
કુમાર્ગે ચાલને બાળી, પ્રભુજી આજ જાગું છું.
વિલાસો રાતદિન સેવી, ન ભાતું ભાવીનું બાંધ્યું;
હવે પસ્તાઉં હું પુરો, પ્રભુજી આજ જાગું છું.
ન રાખ્યાં ટેક ને નીતિ, વળી વિવેક ને વૃત્તિ;
ગુમાવ્યું ધર્મનું ગૌરવ, પ્રભુજી આજ જાગું છું.
બન્યો 'તો પ્રેમનો કીડો, લીધી'તી પ્રેમની દીક્ષા;
લપસતાં પ્રેમથી જ્યારે, પ્રભુજી આજ જાગું છું.
વિષયમાં હું બન્યો ઘેલો, ન રાખ્યું ભાન દુનિયાનું
જીવન ધિક્કાર પામ્યું છે, પ્રભુજી આજ જાગું છું.
જગત સમુદ્રમાં મૂકી, જુવાની નાવ મેં જ્યારે;
તરંગ કેરા ખરાબે ચૂર્ણ, પ્રભુજી આજ જાગું છું.
નથી સત્કર્મ કૈં કીધાં, નથી કૈં દાન તો દીધાં;
ન પોખ્યાં બાળ વિનાને, પ્રભુજી આજ જાગું છું.
અરજ મારી હૃદય ધરજે, બૂરાં કાર્યોને વિસરજે;
રહમ આ બાલપર કરજે, પ્રભુજી આજ જાગું છું.
